ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

આવતીકાલે નગરમાં યુવાનો પ્રિય વેલેન્ટાઈન-ડે ઉજવશે

ગ્રીટીંગ્સ કાર્ડ્સનું સ્થાન વ્હોટ્સએપે લીધુ પણ ચોકલેટ્સ-કેક હજુ પણ હોટ ફેવરીટ : ટ્રાફિક પોલીસે પણ વેલેન્ટાઈન્સ ડેનો હવાલો આપી હેલ્મેટ-સીટબેલ્ટનો ઉપયોગ કરવા અનુરોધ કરતા હોર્ડિંગ્સ લગાવ્યા : પશ્ચિમી સંસ્કૃતિનો તહેવાર કહી વિરોધ કરનારાઓ હવે ક્યાં પડી ગયા છે

(તસવીર : કશ્યપ નિમાવત)

વેલેન્ટાઈન-ડે સ્પેશિયલ

- સમીર રામી

ગાંધીનગર, તા. ૧૨

ફેબ્રુઆરી માસમાં અને યોગાનુયોગ હંમેશા વસંત ઋતુમાં આવતો વેલેન્ટાઈન્સ ડે યુવા હૈયા સહિત હવે દરેક ઉંમરના લોકોમાં પ્રચલિત બની ગયો છે. કોઈ કાળે રાજ્યમાં પ્રેમ કરવા પર લાગેલા પ્રતિબંધને દૂર કરાવવા યુવા પ્રેમીઓને ખુલ્લમખુલ્લા મદદરૂપ થઈ રાજાનો રોષ વ્હોરી શૂળીએ ચઢી જનાર સંત વેલેન્ટાઈનની યાદમાં ઉજવાતો આ દિવસ વિશ્વભરના પ્રેમીઓ માટે ઉમળકા ઠાલવવાનો દિવસ બની જવા પામ્યો છે. સમગ્ર ભારત સહિત ગાંધીનગરમાં પણ યુવાનો વેલેન્ટાઈન્સ ડે માટે હવે સ્પેશિયલ તૈયારીઓ કરતા થઈ ગયા છે. માત્ર યુવાનો જ નહી હવે તો ઘર-ઘરમાં પરિણિત યુગલોથી માંડીને વડીલો પણ છાને-છપને વેલેન્ટાઈન્સ ડે એ પોતાની લાગણીઓની પ્રતિતિ કરાવવાનો મોકો ચુકતા નથી.

વેલેન્ટાઈન્સ ડે ની ઉજવણીમાં અગાઉ ગ્રીટીંગ્સ કાર્ડ્સની ખૂબ બોલબાલા હતી જે કાળક્રમે પહેલા એસએમએસ અને હવે ફેસબુક-વ્હોટસએપ જેવા સોશ્યલ મીડીયા થકી ઓછી થઈ જવા પામી છે. જો કે આ દિવસે પોતાના પ્રિયજનને 'ખાસ' ભેટ આપવાનો શિરસ્તો વેલેન્ટાઈન્સ ડે નું મુખ્ય આકર્ષણ બની ગયો છે. આ 'ખાસ' ભેટની સાથે ગુલાબના ફૂલ, ચોકલેટ્સ અને કેક પણ ઉમેરાયા છે. વળી, આ સાથે લોંગ ડ્રાઈવ કે કેન્ડલ લાઈટ ડીનર પણ આ દિવસની ઉજવણી યથાર્થરીતે કર્યાનો પ્રેમીજનને સંતોષ પુરો પાડે છે. વેલેન્ટાઈન્સ ડેની આગવી એક્સેસરીઝની પણ માર્કેટમાં ખૂબ બોલબાલ છે જેમાં કિ-ચેઈનથી માંડીને હાર્ટ સેપ સોફ્ટ ટોયઝ, ટેડી બીઅર્સ, ઓર્નામેન્ટ્સ, બ્રોકનહાર્ટસ, મોબાઈલ એક્સેસરીઝ, ફોટોફ્રેન્સ, ક્વોટેશન્સ, કોફી-મગથી ફોટોપ્રિન્ટ જેવી અઢળક આઈટમોનો સમાવેશ થાય છે. આ બધી ચીજવસ્તુઓ ખરીદવા ગીફ્ટ આર્ટિકલ્સની દુકાને રીતસરની ભીડ જામે છે.

છેલ્લા કેટલાક વર્ષથી કેસરિયા બ્રિગેડવાળા જે વેલેન્ટાઈન ડે ની ઉજવણીનો ઉગ્ર વિરોધ કરતા હતા તે હવે આ તહેવારની લોકપ્રિયતા અને યુવા વર્ગમાં અપ્રિય થવાની ભીતિએ ક્યાં પાડ્યા છે. હવે તો અનેક સંસ્થાઓ દ્વારા વેલેન્ટાઈન્સ ડે એ કાર્યક્રમો અથવા પાર્ટીનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. હવે આ તહેવાર હવે પ્રેમીયુગલો પુરતો જ મર્યાદિત રહ્યો નથી. પરંતુ ઘણા સેવાભાવી લોકો આ દિવસે ઘરડાંઘર કે

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૨૫મીથી વસંતોત્સવ

૨૫મી ફેબ્રુઆરીથી ૬ માર્ચ સુધી સંસ્કૃતિ કુંજની કોતરો લોક સંગીત અને નૃત્યના તાલે ઝુમી ઉઠશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના વસાહતીઓ જેની દર વર્ષે આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે વસંતોત્સવનો પ્રારંભ આગામી ૨૫મી ફેબ્રુઆરીથી થઈ રહ્યો છે. ફેબ્રુઆરી માસના અંતે સાબરમતીની કોતરોમાં બનાવાયેલું સંસ્કૃતિ કુંજ દેશના વિવિધ પ્રાંતના લોકનૃત્યો અને લોક સંગીતથી ગુંજી ઉઠશે.

વસંતનો પ્રારંભ ગાંધીનગર માટે ખુબ જ ઉત્સાહભર્યો અને આનંદદાયક હોય છે. દેશના વિવિધ પ્રાંતના લોકનૃત્યોને એક જ છત નીચે માણવાનો અવસર ગાંધીનગરના વસાહતીઓને આ સમયગાળા દરમિયાન જ મળી રહે છે. વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થાય અને શહેરમાં રાજકીય અગ્રણીઓની અવરજવર શરૂ થાય તે સાથે જ પાટનગર ગાંધીનગરમાં વસંતોત્સવનો પ્રારંભ થઈ જાય છે. રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તથા વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર ઉદેપુરના સંયુકત ઉપક્રમે દર વર્ષે સંસ્કૃતિકુંજમાં યોજાતો વસંતોત્સવ આ વર્ષે ૨૫મી ફેબ્રુઆરીથી શરૂ થશે. જે ૬ માર્ચ સુધી ચાલશે. તે પછી બે દિવસ તુરી બારોટ નૃત્ય મહોત્સવ યોજાશે.

થોડાક જ દિવસોમાં સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવનો પ્રારંભ થનારો હોઈ સંસ્કૃતિકુંજમાં તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સાફ સફાઈથી લઈને સ્ટોલ બાંધવાનું કામ ચાલી રહ્યું હતું. અન્ય વ્યવસ્થાઓ સંદર્ભે પણ તૈયારીઓ ચાલી રહી છે. વસંતોત્સવની નામના હવે દેશન અન્ય પ્રાંતોમાં પણ ફેલાઈ હોવાથી તેમાં ભાગ લેવા વિવિધ પ્રાંતોના લોકનૃત્યોના ગ્રુપ આતુર રહે છે. આ વર્ષે અહીં મહારાષ્ટ્રનું લાવણી, પં.બંગાળનું રાઈબેનસે, તેલંગાણાનું ઝપ્પુ ડાન્સ, હરીયાણાનું ઘુમર, ઉત્તરાખંડનું હારુલ, રાજસ્થાનનું કાલબેલીયા, ગોવાનું દોડેમોડીની, અસમનું બારડોસીકલા, નાગાલેન્ડનું મોગી યાન્તો, ત્રિપુરાનું સરયંગમોંગ જેવા લોકનૃત્યો આકર્ષણ જમાવશે. આ ઉપરાંત વિવિધ પ્રાંતની હસ્તકળાની ચીજવસ્તુઓના વેચાણ માટે વિવિધ સ્ટોલ લગાવાશે વિવિધ પ્રાંતના લોકનૃત્યોની સાથે જ રાજયના ઉત્કૃષ્ટ કક્ષાના આદિવાસી નૃત્યો તથા રાજયકક્ષાની રાસ ગરબા સ્પર્ધામાં ત્રણ ક્રમ સુધી વિજેતા બનેલા ગરબા ગ્રુપ પણ અહીં રંગત જમાવશે. પાર્કીંગ સહિતની સુવિધાઓ બાબતે બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

સચિવાલયમાં તિક્ષ્ણ હથિયાર સાથે ઘુસતી કાર ઝડપાઈ

એસ.ઓ.જી. એ ડ્રીલ ગોઠવીને સુરક્ષા સલામતી વ્યવસ્થા તપાસી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નવા સચિવાલયના પ્રવેશ દ્વાર નં. ૪ પાસેથી તિક્ષ્ણ હથિયાર સાથે અંદર ઘુસતી એક કાર ઝડપાઈ ગઈ હતી. સુરક્ષા જવાને ચેકીંગ કરતા તેમાંથી મળેલા તિક્ષ્ણ હથિયાર પકડી પાડયા હતાં. જો કે ત્યાર બાદ બહાર આવ્યું કે આ કાર સલામતી વ્યવસ્થાની ચકાસણી અર્થે ગાંધીનગર એસઓજી દ્વારા જ મોકલવામાં આવી હતી. એસઓજીએ કરેલી ડ્રીલ સફળ રહી હતી

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી પીએસઆઈ એ.જી. રાઠોડે એક ખાનગી કારમાં તિક્ષ્ણ હથિયાર મુકીને ખાનગી વ્યકિતને નવા સચિવાલયમાં પ્રવેશ કરવા મોકલ્યો હતો. ગેટ નં. ૪માંથી પસાર થયેલી આ કારનું ચેકીંગ કરી સુરક્ષા જવાનોએ તિક્ષ્ણ હથિયાર પકડી પાડયું હતું. વિધાનસભા સત્ર ટુંક સમયમાં શરુ થનાર હોવાથી સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવા માટે એસઓજી દ્વારા આ ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ ડ્રીલ સફળ રહી હતી. અગાઉ પણ આ પ્રકારે એક ડ્રીલ રાખવામાં આવી હતી પરંતુ તેમાં સરળતાથી કાર અંદર ઘુસી ગયા બાદ પણ હથિયારો પકડાયા ન હતાં. જેને કારણે ડીએસપીએ બે સુરક્ષા જવાનોને સસ્પેન્ડ પણ કર્યા હતાં.

ઊંઝાથી નાગપુર જઈ રહેલ ઉમિયા માતાજીની જ્યોતનો સંઘ ગાંધીનગર ખાતે આવી પહોંચતા પાટીદાર સમાજના પરિવારોએ ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. ૪૦ દિવસની યાત્રા બાદ નાગપુર પહોંચનારા આ જ્યોતરથ સાથે શહેરના અનેક ભાવિકો જોડાયા હતા. પટેલ સમાજના વિવિધ સમુદાયોએ ગગનભેદી જયઘોષ અને રાસ-ગરબાની રમઝટ વચ્ચે માતાજીની જ્યોતનું સ્વાગત-સન્માન કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

અડાલજ જૂથ અથડામણના આરોપીઓના જામીન મંજૂર

દૂધ ભરવા જેવી સામાન્ય બાબતે રબારી-ઠાકોરો વચ્ચે જૂથ અથડામણ થઈ હતી : પોલીસ પર બન્ને સમાજના જૂથોએ પત્થરમારો કર્યો હતો : ૧૩૪ જેટલા આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામમાં એક સપ્તાહ પહેલા દૂધ ભરવા જેવી સામાન્ય બાબતે રબારી અને ઠાકોર સમાજના બે જૂથો વચ્ચે ઘર્ષણ થવા પામ્યુ હતુ. આ સમયે પોલીસ ૧૨૭ આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર-તાલુકાના અડાલજ ગામમાં સાંજના સમયે દૂધ મંડળીમાં દૂધ ભરવા ગયેલા ઠાકોર સમાજના યુવકને રબારી સમાજના યુવકે લાફો ઝીંકી દેવાની ઘટનામાં રબારી અને ઠાકોરો વચ્ચે જૂથ અથડામણ થવા પામી હતી. પાટનગરની પાસેના અડાજમાં જૂથ અથડામણ થવાના સમાચાર ડી.એસ.પી. ગાંધીનગરને મળતા પોલીસ ફોઝ સાથે અડાલજ ખાતે પહોંચી ગયા હતા અને મામલો થાળે પાડવાની કોશિષ કરી હતી.

પરંતુ ઉગ્ર બનેલા બન્ને સમાજના ટોળાએ પોલીસ ઉપર જ હુમલો કરી દીધો હતો. જેમાં પી.એસ.આઈ. અને કોન્સ્ટેબલને ઈજાઓ થવા પામી હતી. પોલીસ ઉપર હૂમલો કરવાના ગુનામાં ખુદ ઝઘડાને થાળે પાડવા પહોંચતા પોલીસ ઉપર પત્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસે બન્ને જૂથના ૧૩૪ આરોપીઓ સામે રાયોટીંગનો ગુનો દાખલ કરી સેન્ટ્રલ જેલ હવાલે કરી દેવામાં આવ્યા હતા. જેમાંથી આજે

● અનુસંધાન પાન-૭ પર

મકાન માલીક સાંઈ મંદિરે દર્શન કરવા ગયા, ...ને તસ્કરો ત્રાટક્યા

લાઈટ રીપેરીંગ કરવા આવ્યો હોવાનુ બહાનુ કાઢી સે. ૭માં બપોરે દોઢ કલાકમાં હાથ સાફ કરી તસ્કરો પલાયન

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સેક્ટર-૭ ખાતે આજે બપોરના અરસામાં મકાનમાલીક ઘરને તાળુ મારીને સાંઈ મંદિરે દર્શન કરવા ગયા અને દોઢ કલાકમાં પરત ફર્યા ત્યાં સુધીના સમયગાળામાં તસ્કરોએ મકાનમાં હાથફેરો કરી નાંખ્યો હતો. બહાર શંકાસ્પદ હાલતમાં ઉભેલા શખ્સને પડોશી વૃદ્ધાએ પુછ્યુ પણ ખરાં કે કેમ ઉભો છે ? પરંતુ લાઈટ રીપેરીંગ માટે આવ્યો છું, ડીસમીસ શોધુ છુ કહીને વૃદ્ધાને સમજાવી દીધી હતી. જો કે આ ઘરફોડ અંગે પોલીસ ફરીયાદ થવા પામી નથી.

બપોરના અરસામાં સેક્ટર-૭-ડી ખાતે એક મકાનની બહાર શંકાસ્પદ હાલતમાં ઉભેલા શખ્સને વૃદ્ધાએ પુછ્યુ કે કેમ અહીં ઉભો છે તો તેણે ડીસમીસ શોધતા હોવાનું કહી વૃદ્ધને સમજાવી દીધી હતી. હકીકતમાં તે ઘરફોડીયાનો સાગરીત હતો. ઘરફોડીયો વૃદ્ધાના પડોશી મકાનમાં સામાનની ચોરી કરી રહ્યો હતો. જો કે આ બાબતથી અજાણ વૃદ્ધા ભોળા ભાવે બાજુના મકાનમાં જ્યાં ઘરફોડીયા ઘુસ્યા હતા ત્યાં પણ ગયા અને ઘરમાં સરસામાન વેર-વિખેર જોઈ એવુ સમજ્યાં કે મકાન માલિકે સાફ સફાઈ કામ હાથ ધર્યુ છે. તો પાછા બહાર આવી ગયા. થોડીવાર રહીને મકાન માલીક આવ્યા અને ચોરી થયાની બુમો પાડતા ઘરફોડીયા કળા કરી ગયા હોવાનું ખુલ્યું હતું. આમ મકાનનુ તાળુ તોડી ઘરફોડ ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. જો કે આ મામલે હજુ પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.

જોઈએ છે - સીક્યુરીટી ગાર્ડ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, સેક્ટર-૨ ઉના ગાંધીનગર કેમ્પસના જુદા-જુદા ગેટમાંથી થતી અવર-જવર અંગે સલામતીના હેતુસર જવાબદારી સંભાળી શકે તેવા અનુભવી **ગાર્ડ** અને તેમને તાલીમ આપે તથા તેમના કામ પર દેખરેખ રાખે તેવા અનુભવી **ટ્રેઈનર-સુપરવાઈઝર**ની જરૂરી છે. જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૧૦ દિવસમાં **અનુભવ** વગેરેના આધારો અને **ફોટા સાથે** નીચેના સરનામે રૂબરૂ / ટપાલથી અરજી પહોંચાડવી.

મંડળ કાર્યાલય

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી), સેક્ટર-૨૩, ગાંધીનગર

જાહેર નોટીસ

ગાંધીનગરના મે. જ્યુ. મેજી. (ફ.ક.) સાહેબની કોર્ટમાં, ઝમુ. ગાંધીનગર

ક્રિ.પ.અ.નં. ૫૫/૧૫

અરજદારના એડવોકેટ : જે. એમ. રાઠોડ

અરજદાર : પરમાર હસમુખભાઈ પરસોત્તમભાઈ

વિ.

સામાવાળા : રજીસ્ટ્રારશ્રી
જન્મ-મરણ નોંધણી કચેરી,
મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર

આથી સર્વે લોકોને તથા આ કામમાં હિત સંબંધ ધરાવતા સર્વે જનતાને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, 'બબીબેન પરસોત્તમભાઈ પરમાર' ગાંધીનગર મુકામે તા. ૨/૫/૨૦૦૮ના રોજ ગુજરી ગયેલ છે જેથી અરજદારે ગુજરનારના મરણનો દાખલો મેળવવા માટે અરજી કરેલી છે.

આથી અરજદારે તેમની અરજીમાં જણાવ્યા પ્રમાણે મરણના દાખલાની માંગણી કરેલ હોઈ તેઓને મરણનો દાખલો આપવામાં આવે તો તેમાં કોઈપણ શખ્સને કોઈપણ પ્રકારનો વાંધો યા હરકત હોય તો તે બાબતે તા. ૨૬/૨/૧૫ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે જાતે યા માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવું. જો તેમ કરવામાં કસુર થશે તો હાજર રહેલ પક્ષકારોને સાંભળીને આ અરજીનો કાયદેસર નિકાલ કરવામાં આવશે જેની તમામ લાગતા - વળગતાઓએ નોંધ લેવી.

તા. /૨/૧૫
ગાંધીનગર
સહી/-
તૈયાર કરનાર

સહી/-
મુકાબલ કરનાર

કોર્ટનો સિક્કો

સહી/-
(વિજય જે. ઠાકર)
રજીસ્ટ્રાર
ચીફ જ્યુ.મેજી.સા.શ્રી
ગાંધીનગર કોર્ટ

Since 1986
॥ અભય ॥
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
AD ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com